## ૧૦.૧.૩ ઉદ્દિશા સેલ અહેવાલ - શૈ.વર્ષ – ૨૦૨૦-૨૧

**પ્રા.જીગરકુમાર વી. પરમાર**

**કો-ઓર્ડિનેટર**

ઉદ્દિશા સેલ વિદ્યાર્થીઓનાં ભવિષ્યની ઉજ્જવળ કારકીર્દી નિર્માણ માટે કાર્ય કરે છે. કોલેજ કક્ષાએ આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ દર વર્ષે ઉદ્દીશા સેલ કાર્યચાલક કમિટીની રચના કરવામાં આવે છે અને આ ઉદ્દિશા સેલ સમગ્ર વર્ષ દરમ્યાન સમયાંતરે વિવિધ પ્રકારના કારકીર્દી માર્ગદર્શન વ્યાખ્યાનોનું આયોજન કરે છે. ઉદ્દિશા સેલ ફીનીશીંગ સ્કૂલ સાથે વિદ્યાર્થીઓના વ્યક્તિત્વને આકાર આપે છે. જેમાં વિદ્યાર્થીઓને વિવિધ વિષયના ટ્રેનર્સ દ્વારા કોમ્યુનિકેશન, લાઈફસ્કીલ, ઈન્ટરવ્યૂ ફેસિંગ, રિઝયુમ રાઈટીંગ, બેઝીક અંગ્રેજી વગેરે વિષયો માટે માર્ગદર્શન આપવામાં આવે છે. ઉદ્દીશા અંતર્ગત વિદ્યાર્થીઓને રોજગાર મળે તે માટેના પ્રયત્નો કરવામાં આવે છે.

૧. તા.૧૫/03/૨૦૨૧ થી તા.૧૮/03/૨૦૨૧ સુધી સ્થાનિક જોબફેર અને કેમ્પસ પ્લેસમેન્ટનું આયોજન કરવામાં હતું. તેમાં ટવીન્સ ઇન્ટરનેશનલ કંપની અને માયશા ટ્યુશન કલાસીસ જોડાયા હતા. ટવીન્સ ઇન્ટરનેશનલ કંપનીના ઈન્ટરવ્યુંમાં ૬0 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જ્યારે માયશા ટ્યુશન કલાસીસનાં ઇન્ટરવ્યુંમાં ૩0 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

૨. તા.૨૨/03/૨૦૨૧ને સોમવારના રોજ સરકારી કોલેજ, ખેરગામ, જિ.નવસારી ખાતે ઉદિશા પ્લેસમેન્ટ અને અને કોમર્સ વિભાગ અંતર્ગત આચાર્ય ડો. એસ.એમ. પટેલનાં માર્ગદર્શન હેઠળ "GST and GST as a career." ગાઇડન્સ માટેનું ઓફલાઈન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જે નિમિત્તે મૂળ વલસાડના એડવોકેટ અને ટેક્ષ કન્સલ્ટન્ટ અલ્પેશભાઈ ઉપાધ્યાયે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને એમના જ્ઞાનથી લાભાન્વિન્ત કર્યા.

૩. તા.૨૭/03/૨૦૨૧ને શનિવારના રોજ ઉદ્દિશા પ્લેસમેન્ટ સેલ અંતર્ગત આચાર્યશ્રી એસ.એમ.પટેલના અધ્યક્ષપણા હેઠળ ઉદ્દિશા પ્લેસમેન્ટ સેલના કો-ઓર્ડિનેટર પ્રા.જીગરકુમાર વી.પરમારના માર્ગદર્શન હેઠળ એક દિવસીય ઓફલાઈન "ઉદ્યોગ સાહસિકતા" અંગે માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું જે નિમિત્તે વક્તા તરીકે MVM કોલેજ ઓફ કોમર્સ એન્ડ સાયન્સ, મુંબઈ (મહારાષ્ટ્ર)થી ફાઈનાન્સિયલ મેનેજમેન્ટના પ્રા. નિરમાબેન મિસ્ત્રી ઉપસ્થિત રહ્યા હતા.

૪. તા.૨૩/૦૪/૨૦૨૧ થી તા.૨૭/૦૪/૨૦૨૧ રેમેડિયલ ક્લાસિસ ઉદ્દિશા પ્લેસમેન્ટ સેલ અંતર્ગત ગ્રામ વિદ્યાપીઠ વેડછી, તા.વાલોડ, જિ.તાપીના અંગ્રેજી વિષયના આસિ.પ્રો.રાજુભાઇ મોરે દ્વારા 'બેઝિક ઇંગ્લિશ અને રીડીંગ સ્કીલ'ના ઓનલાઇન માધ્યમથી લેકચર સેમિનારનું આયોજન કરાયુ હતુ. અને સાથે સાથે ઓનલાઇન પરીક્ષાનું પણ આયોજન કરવામાં આવ્યુ હતુ.

## તા.૧૫-૧૬ માર્ચ, ૨૦૨૧નાં રોજ સ્થાનિક જોબફેર કેમ્પસ પ્લેસમેન્ટનું આયોજન



ટવીન્સ ઇન્ટરનેશનલ કંપનીનાં સભ્યો શ્રીમતી તર્પણબેન વણકર અને શેખ મારિયાનું પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કરતા કોલેજના આચાર્યશ્રી ડૉ. એસ. એમ. પટેલ તેમજ વિદ્યાર્થીઓનું ઈન્ટરવ્યું લેતા કંપનીના સભ્યો

## તા.૨૨-૦૩-૨૦૨૧નાં રોજ ઉદ્દિશા પ્લેસમેન્ટ અંતર્ગત કરીયર ગાઈડન્સ સેમિનાર



એડવોકેટ અને ટેક્ષ કન્સલ્ટન્ટ અલ્પેશ ઉપાધ્યાયને પુષ્પગુચ્છ અર્પણ કરી પ્રાસંગિક ઉદ્‌બોધન રજૂ કરતા કોલેજના આચાર્યશ્રી ડૉ. એસ. એમ. પટેલ.




પ્રા.નિરમા પી. મિસ્ત્રી **M.V.Mandkis College of Commerce and Science, Mumbai** નું પુષ્પગુચ્છ અર્પણ કરી પ્રાસંગિક ઉદ્‌બોધન રજૂ કરતા કોલેજના આચાર્યશ્રી ડૉ. એસ. એમ. પટેલ





**ઉદ્દિશા પ્લેસમેન્ટ અંતર્ગત વિદ્યાર્થીઓને ઉદ્યોગ સાહસિકતા અંગે માર્ગદર્શન પૂરૂ પાડતા પ્રા.નિરમા પી. મિસ્ત્રી**

## ઉદ્દિશા પ્લેસમેન્ટ અંતર્ગત બેઝિક ઇંગ્લિશ અંગે વિદ્યાર્થીઓને ઓનલાઈન માર્ગદર્શન કાર્યક્રમ





કોરોનાની વૈશ્વિક મહામારી હોવા છતાં વિદ્યાર્થીઓને વૈશ્વિક કક્ષાએ ટકી રહેવા માટે જરૂરી અંગ્રેજીનું માર્ગદર્શન મળી રહે તે હેતુંથી ઉદ્દિશા પ્લેસમેન્ટ અંતર્ગત બેઝિક ઈંગ્લીશનું માર્ગદર્શન આપતા પ્રા. રાજુ એચ. મોરે




ઉદ્દિશા પ્લેસમેન્ટ અંતર્ગત રીડીંગ સ્કીલ અંગે વિદ્યાર્થીઓને ઓનલાઈન માર્ગદર્શન આપતા પ્રા.રાજુ એચ. મોરે

## તા. ૦૧/૦૯/૨૦૨૦ રૂસા અંતર્ગત 'સહકારી સંસ્થાઓની પ્રવૃત્તિ અને કામગીરી' વિષય પર એક દિવસીય સેમીનાર



'સહકારી સંસ્થાઓની પ્રવૃત્તિ અને કામગીરી' વિષય પર વ્યાખ્યાન આપતા શ્રી કેતન દેસાઈ

## ૧૦.૧.૪ ફિનિશિંગ સ્કૂલ અહેવાલ - શૈ.વર્ષ – ૨૦૨૦-૨૧

પ્રા. ચેતના બી. પટેલ
ડૉ. મનિષા આર જોગિયા

ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગ તેમજ નોલેજ કોન્સોર્ટીયમ ગુજરાત (KCG) અમદાવાદ દ્વારા આયોજીત "ફિનિશિંગ સ્કૂલ પ્રકલ્પ" રાજ્યની કુલ ૨૫૩ કોલેજોમાં કાર્યરત છે. જેનો હેતુ વિદ્યાર્થીઓમાં રહેલ કૌશલ્યને ઓળખી તથા માન્ય ટ્રેનરો દ્વારા તેને યોગ્ય ટ્રેનિંગ આપી વ્યાવસાયિક તક આપવાનો તથા વિદ્યાર્થીને આર્થિક રીતે પગભર કરવાનો છે. હાલમાં ચાલી રહેલ કોરોના વૈશ્વિક મહામારીને ધ્યાનમાં લઈ સરકારશ્રીની ગાઇડ લાઇન મુજબ ફિનિશિંગ સ્કૂલની ટ્રેનિંગ ઓનલાઈન Ms Team નાં માધ્યમથી શરૂ કરવાનું જણાવવામાં આવેલ , જે સંદર્ભે અત્રેની સરકારી વિનયન અને વાણીજ્ય કોલેજ , ખેરગામ ખાતે તા. ૧૦-૧૧-૨૦૨૦ ના રોજ આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ ફિનિશિંગ સ્કૂલનાં પ્રથમ તબક્કાની વિધિવત શરૂઆત કરવામાં આવી. જેમાં કોલેજનાં S.Y/T.Y.B.A/B.Com નાં કુલ ૪૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. આચાર્યશ્રી ડો.એસ.એમ.પટેલ દ્વારા વિદ્યાર્થીઓને આશીર્વચન આપવામાં આવ્યા તથા Finishing School Co-Ordinator પ્રા.ચેતનાબેન પટેલ દ્વારા વિદ્યાર્થીઓને ફિનિશિંગ સ્કૂલની પ્રારંભિક માહિતી આપવામાં આવી. KCG માન્ય ટ્રેનર ઝીલ શુક્લા દ્વારા પ્રથમ બે તબક્કાની ટ્રેનિંગ તા.૧૦-૧૧-૨૦૨૦ થી તા.૨૫-૧૧-૨૦૨૦(Component-1 Life Skills ) તથા તા.૨૮-૧૧-૨૦૨૦ થી તા.૦૭-૧૨-૨૦૨૦ (Component-2 Employability Skills) નાં સમયગાળા દરમિયાન આપવામાં આવી, જેમાં વિદ્યાર્થીઓને Self Awareness, self Esteem, Self Confidence, Stress Management , Interview Skills , Presentation Skills વગેરે મુદ્દાઓ પર વિસ્તૃત માહિતી આપવામાં આવી. ટ્રેનિંગનાં અંતે વિદ્યાર્થીઓનાં પ્રતિભાવો લેવામાં આવ્યા જેમાં વિદ્યાર્થીઓ તરફથી હકારાત્મક પ્રતિભાવો મળેલ છે.

તા.૨૩-૧૨-૨૦૨૦ થી તા.૦૩-૦૧-૨૦૨૧ દરમિયાન Finishing Scool Component-3 (Functional English Skills-1) તથા તા.૨૪-૦૩-૨૦૨૧ થી તા.૦૨-૦૪-૨૦૨૧ દરમિયાન Finishing Scool Component-4 (Functional English Skills-2) ની ટ્રેનિંગ હરિતા પટેલ દ્વારા આપવામાં આવી. જેમાં વિદ્યાર્થીઓને અંગ્રેજી વ્યાકરણનું પાયાનું જ્ઞાન આપવામાં આવ્યું. વિદ્યાર્થીઓ અંગ્રેજી બોલતાં થાય અને અંગ્રેજીનું જ્ઞાન તેમને વ્યાવસાયિક ક્ષેત્રે પણ ઉપયોગી બને એ આ ટ્રેનિંગનો મુખ્ય હેતુ રહ્યો છે. ટ્રેનિંગનાં અંતે Finishing School નાં Assistant Co-Ordinator એવા પ્રા.ડો.મનિષા આર જોગિયા દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

૧. તા.૧૪/૦૪/૨૦૨૧ બુધવારના રોજ ભારતરત્ન ડૉ.બાબાસહેબ આંબેડકરની ૧૩૦મી જન્મ જયંત્તિના અવસર પર સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખેરગામ, તા.ખેરગામ જી.નવસારી તેમજ ગર્વમેન્ટ શહીદ નારાયણસિહ કોલેજ, બિલાઈગઢ છત્તિસગઢના સયુંકત ઉપક્રમે "એક ભારત શ્રેષ્ઠ ભારત ક્લબ" અંતર્ગત સરકારી કોલેજ ખેરગામના આચાર્યશ્રી ડૉ. એસ.એમ.પટેલ સાહેબ તેમજ ગર્વમેન્ટ શહીદ નારાયણસિહ કોલેજ, બિલાઈગઢ, છત્તિસગઢના આચાર્ય સુનિતાબેન વી.કોસલેના અધ્યક્ષપણા હેઠળ બન્ને કોલેજના "એક ભારત શ્રેષ્ઠ ભારત ક્લબ"ના કો.ઓર્ડિનેટર ખેરગામ કોલેજના પ્રા.ધર્મરાજભાઈ ઈ ટેભંરે અને નારાયણસિંહ કોલેજ, બિલાઈગઢના પ્રા.યૂ.એસ.ભારદ્વાજના સહિયારા પ્રયાસોથી "રાષ્ટ્રનિર્માતા ડૉ.બાબાસહેબ આંબેડકર" વિષય સંદર્ભે એક દિવસીય નેશનલ ઓનલાઈન વેબિનાર યોજાયો. જેમાં વક્તા તરીકે માર્શલ સુનિલ સારિપુત્ત, મુખ્ય સંગઠક, સમતા સૈનિક દલ, ભારત, ગુગલ મીટના માધ્યમથી વિષયના અનુંસંધાને વ્યાખ્યાન આપ્યુ હતું.

૨. તા.૦૧/૦૫/૨૦૨૧ને શનિવારના રોજ "એક ભારત શ્રેષ્ઠ ભારત" અતર્ગત આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલના અધ્યક્ષપણા હેઠળ ગર્વમેન્ટ શહીદ નારાયણસિહ કોલેજ, બિલાઇગઢ (છત્તિસગઢ)ના આચાર્ય સુનિતાબેન કોસેલે અને "એકભારત શ્રેષ્ઠ ભારત"ના બન્ને કોલેજના કો.ઑડિનેટર ખેરગામ કોલેજના પ્રા.ધર્મરાજભાઇ અને બિલાઇગઢના પ્રા.યુ.એસ.ભારદ્વાજના પ્રયાસોથી "૧લી મે ૬૧માં ગુજરાત રાજ્ય સ્થાપના દિવસ"ની ઓનલાઇન ગૂગલમીટના માધ્યમથી ઉજવણી કરવામાં આવી.














તા.૧૪/૦૪/૨૦૨૧ના રોજસ.વિ. વા. કોલેજ, ખેરગામ અને ગવર્નમેન્ટ શહીદ નારાયણસિંહ કોલેજ, બિલાઈગઢ, છત્તિસગઢના સંયુક્ત ઉપક્રમે "એક ભારત શ્રેષ્ઠ ભારત ક્લબ" અંતર્ગત "ડૉ બાબા સાહેબ આંબેડકર" જન્મ જયંતિ નિમિત્તે "રાષ્ટ્રનિર્માતા ડૉ. બાબા સાહેબ આંબેડકર" વિષય પર આયોજિત નેશનલ વેબિનારનું સંચાલન કરતાં પ્રા. ધર્મરાજ એ. ટેંભરે તેમજ વ્યાખ્યાન આપતા માર્શલ સુનિલ સારિપુત (સમતા સૈનિક દલ) તથા ડૉ. સુનિતાબેન વી. કોસલે (આચાર્ય, બિલાઈગઢ કોલેજ)

-




સ.વિ. વા. કોલેજ, ખેરગામ અને ગવર્નમેન્ટ શહીદ નારાયણસિંહ કોલેજ, બિલાઈગઢ, છત્તિસગઢના સંયુક્ત ઉપક્રમે “એક ભારત શ્રેષ્ઠ ભારત ક્લબ” અંતર્ગત તા.૧ લી મે, ૨૦૨૧ના રોજ“૬૧માં ગુજરાત રાજ્ય સ્થાપના દિવસ”ની ઓનલાઈન ગૂગલમીટના માધ્યમથી ઉજવણી કાર્યક્રમનું સંચાલન કરતાં પ્રા. ધર્મરાજ એ. ટેંભરે તેમજ ડૉ. સુનિતાબેન વી. કોસલે (આચાર્ય, બિલાઈગઢ કોલેજ)

## ૧૦.૧.૬ સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલિસી (SSIP) અહેવાલ - શૈ.વર્ષ –૨૦૨૦-૨૧

પ્રા.જીગરકુમાર વી. પરમાર
કૉ.ઓર્ડિનેટર

ગુજરાત સરકારની સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલિસીનો હેતુ યુવાનોમાં નવીનત્તમ વિચારોને સમર્થન આપવા માટે એક રાજયવ્યાપી યુનીવર્સીટી આધારિત નવીનતા ઇકો સીસ્ટમ બનાવવાનો છે. વિદ્યાર્થીઓમાં રહેલ સર્જનાત્મક શક્તિનો મહત્તમ ઉપયોગ થાય અને તેમની અંદર રહેલી સુષુપ્ત શક્તિને જાગ્રત કરીને એ શક્તિનો પોતાના વ્યકતિત્વનાં વિકાસ થકી રાજ્ય, દેશના વિકાસમાં યોગદાન આપી રાષ્ટ્રનાં વિકાસમાં સહભાગી બને  અને તેમની સર્જનશક્તિને અનુકૂળ વાતાવરણ પ્રદાન કરે તે માટે SSIP કાર્ય કરે છે. વિદ્યાર્થીઓના પ્રોજેક્ટ, સંશોધન, નવીનત્તમ વિચારોને સાંભળીને તેને હેન્ડ હોલ્ડીંગ દ્વારા માઈન્ડ ટુ માર્કેટમાં સહાયક ભૂમિકા SSIP ભજવે છે. કોલેજ કક્ષાએ આચાર્યશ્રીનાં અધ્યક્ષપણા હેઠળ SSIP સેલની રચના કરવામાં આવી છે જેમાં SSIP કૉ.ઓડીનેટર, આસી. કૉ. ઓડીનેટર અને સભ્ય કાર્યચાલક કમિટી કાર્યરત છે. શૈ.વર્ષ:૨૦૨૦-૨૧ દરમિયાન ૬૬ જેટલા વિદ્યાર્થીનીઓએ ઉત્સાહ દર્શાવતા તેઓ પોતાના પગ પર ઉભા રહી શકે તે માટેના તાલીમી વર્ગોનું આયોજન કરવામાં આવ્યું હતું જેની ઝાંખી નીચે મુજબ છે.

### Decorative items Making training (18-3-2021)



વિદ્યાર્થીઓને ડેકોરેટિવ વસ્તુ બનાવવા અંગેનું માર્ગદશન અને તાલીમ આપતા પ્રા. જીગરભાઈ પરમાર




જ્વેલરી અને શુશોભનની વસ્તુ બનાવતા વિદ્યાર્થીઓની મુલાકાત લેતા આચાર્યશ્રી ડૉ.એસ.એમ. પટેલ











જ્વેલરી અને શુશોભાનનીવસ્તુ બનાવતા વિદ્યાર્થીઓ અને બનાવેલ વસ્તુઓનું પ્રદર્શન










જ્વેલરી અને સુશોભનનીવસ્તુ બનાવતા વિદ્યાર્થીઓ અને બનાવેલ વસ્તુઓનું પ્રદર્શન

# ૧૦.૨. વિભાગ અંતર્ગત થયેલ પ્રવૃતિઓનો અહેવાલ શૈ.વર્ષ - ૨૦૨૦-૨૧


## 10.2.1. Report of Department of English

- The Department of English has been part of the Government Arts and Commerce College, Khergam, since it's inception in 1992. The Department offers a Foundation Course in English (Language Through Literature) designed by Veer Narmad South Gujarat University, Surat, for BA and BCom students. The faculty of the Department is appointed by the Education Department of the Gujarat State. The faculty is dedicated to help students reach their potential by focusing on their all-round development.On account of NRI Day, the English department organised an international webinar on “The NRI Experience: In Conversation with Dr Ansh Desai”.
- તા.૦૯/૦૧/૨૦૨૧ના રોજ અંગ્રેજી વિભાગના સંયુક્ત ઉપક્રમે “પ્રવાસી ભારતીય દિવસ” નિમિત્તે આંતરરાષ્ટ્રીય વેબિનારમાં વક્તા યુ. એસ. એ. સ્થિત ડૉ. અંશ દેસાઈનો શાબ્દિક પરિચય આપતા આચાર્યશ્રી ડૉ. એસ. એમ. પટેલ. અને કાર્યક્રમનું સંચાલન કરતાં પ્રા. ધર્મરાજ એ. ટેંભરે તેમજ વ્યાખ્યાન આપતા ડૉ. અંશ દેસાઇ.

### “પ્રવાસી ભારતીય દિવસ”




વક્તાશ્રી ડૉ. અંશ દેસાઈનો શાબ્દિક પરિચય આપતા આચાર્યશ્રી ડૉ. એસ. એમ. પટેલ.















દિવ્ય ભાસ્કર નવસારી 16-01-2021

## ખેરગામ કોલેજમાં પ્રવાસી ભારતીય દિવસ વિષય સંદર્ભે આંતરરાષ્ટ્રીય વેબિનાર યોજાયો

ખેરગામ | ખેરગામ કોલેજમાં IQAC અને અંગ્રેજી વિભાગનાં સંયુક્ત ઉપક્રમે "પ્રવાસી ભારતીય દિવસ' વિષય સંદર્ભે આંતરરાષ્ટ્રીય વેબિનાર સોશિયલ મીડિયાના માધ્યમથી આચાર્ય ડો. એસ.એમ. પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. જે નિમિત્તે અમેરિકાની બોસ્ટન યુનિવર્સિટીમાંથી ગોલ્ડ મેડલ સાથે ડેન્ટલ મેડિસીનની ડિગ્રી ધરાવતા મૂળ વલસાડના અને હાલમાં અમેરિકા સ્થિત (USA)થી ડો.અંશ દેસાઈ વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. વિષય સંદર્ભે ડો.અંશ દેસાઈએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા તેમના વક્તવ્યમાં 'ભારત અને અમેરિકા શિક્ષણ વ્યવસ્થા, હોમ સ્કૂલિંગ સિસ્ટમ, વિદ્યાર્થીઓના શિક્ષણ માટે લોન વ્યવસ્થા, અમેરિકામાં અંગ્રેજી ભાષાનું મહત્ત્વ, ભારત અને અમેરિકાની બૅંકિંગ વ્યવસ્થા, અમેરિકામાં સિનિયર સિટીઝન માટે સ્વાસ્થ્ય સુવિધા, આ બધી બાબતોને ધ્યાનમાં લઈ વિષયને સુસંગત વિસ્તૃત ચર્ચા થઈ હતી. ૯મી જાન્યુઆરી 1915એ મહાત્મા ગાંધીજી મુંબઈ બંદરે પરત આવ્યા હતા. તેમની યાદમાં ભારત સરકાર દ્વારા દર વર્ષે ૯મી જાન્યુઆરીએ વિદ્યાર્થીઓ, સ્ટાફ ગણ સહિત અન્ય કોલેજના અધ્યાપકો અને અન્ય દેશોની પ્રચલિત વ્યક્તિઓએ ઉત્સાહથી આ આંતરરાષ્ટ્રીય વેબિનારનો લાભ લીધો હતો.

કાર્યક્રમનું સંચાલન કરતાં પ્રા.ધર્મરાજ.ઈ.ટેંભરે તેમજ વ્યાખ્યાન આપતા ડૉ. અંશ દેસાઇ.